કોરોના વાયરસ (COVID-19)ના સંક્રમણને કારણે મૃત્યુ પામેલ આંગણવાડી કાર્યકર/ તેડાગરના આશ્રિતને રૂ.૨૫ લાખની સહાય મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

હુકમ ક્રમાંક:WCDD/AMR/e-file/23/2022/0831/B1

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા:

1. સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૮/૦૪/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૨૦/ ૨૫૦/ક.
2. સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૩/૦૮/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૨૦/૨૫૦/ક.
3. મહેસુલ વિભાગનો તા.૨૨/૦૫/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:સીએમએફ/૧૦૨૦૨૦/૮૫/ સી.એમ.ફંડ.

પ્રસ્તાવના

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી રાજ્યમાં નોવેલ કોરોના વાયરસ(COVID-19)ના સંક્રમણને કારણે ઉત્પન્ન થયેલ સંજોગોમાં આવશ્યક સેવાઓના ભાગરૂપે બજાવેલ ફરજો દરમ્યાન સંક્રમિત થયેલ કર્મચારી/અધિકારીના દુ:ખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને રૂ.૨૫ (પચીસ) લાખ રૂપિયાની સહાય આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. વંચાણે લીધા (૨) પરના ઠરાવથી ઉક્ત સહાય મંજૂર કરવાની સત્તા વહીવટી વિભાગના વડાને નિયત ચેકલીસ્ટને આધીન સોંપવામાં આવેલ છે. વંચાણે લીધા (૩) પરના ઠરાવથી રાજ્યમાં નોવેલ કોરોના વાઈરસ (COVID-19) ના સંક્રમણને કારણે કર્મચારી/અધિકારીના દુ:ખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને રૂ. ૨૫ લાખની સહાય માન.મુખ્ય મંત્રીશ્રીના રાહત નિધિમાંથી ચુકવવાનું ઠરાવેલ છે.

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગરની મળેલ દરખાસ્ત અન્વયે**પાટણ જિલ્લા પંચાયત, આઈસીડીએસ, ચાણસ્મા ઘટકના કંબોઈ સેજાના ખોરસમ ગામની ખોરસમ-૩ આંગણવાડી કેન્દ્રમાં આંગણવાડી તેડાગર તરીકે આવશ્યક સેવાઓના ભાગરૂપે ફરજ બજાવતા સ્વ.સલમાબેન હુસેનશા ફકીરનું** તા.૦૩/૦૫/૨૦૨૧ના રોજ દુ:ખદ અવસાન થયેલ હોવાથી તેઓના આશ્રિત કુટુંબને રૂ. ૨૫ (પચીસ) લાખ રૂપિયાની સહાય મંજૂર કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

//હુકમ//

૨/- રાજ્યમાં નોવેલ કોરોના વાઈરસ (COVID-19)નાં સંક્રમણને કારણે ઉત્પન્ન થયેલ સંજોગોમાં આવશ્યક સેવાઓના ભાગરૂપે બજાવેલ ફરજો દરમિયાન સંક્રમિત થયેલ સ્વ. **સલમાબેન હુસેનશા ફકીર,** આંગણવાડી તેડાગરનાં દુ:ખદ અવસાનના કિસ્સામાં તેઓનાં આશ્રિત કુટુંબને રૂ. ૨૫ (પચીસ) લાખ રૂપિયાની સહાય ચુકવવાની આથી અનુમતિ આપવામાં આવે છે.

3/- સ્વ. **સલમાબેન હુસેનશા ફકીર**ના આશ્રિત/વારસદારનું નામ/સંબંધ વિગેરેની વિગતો નીચે મુજબ છે:

| | | | |
|---|---|---|---|
| (૧) | અવસાન પામેલ આંગણવાડી કાર્યકર/તેડાગરનું નામ | : | સ્વ.સલમાબેન હુસેનશા ફકીર |
| (૨) | હોદ્દો | : | **આંગણવાડી તેડાગર, ખોરસમ-૩** |
| (૩) | કર્મચારીનું અવસાન થયા તારીખ | : | ૦૩/૦૫/૨૦૨૧ |
| (૪) | અવસાન પામનારનું સરનામુ | : | **રહે. ૪૪૬, મુસ્લિમ સિપાઈવાસ, ખોરસમ,**<br>**તા.ચાણસ્મા, જિ. પાટણ** |
| (૫) | અવસાન પામનારના આશ્રિત/વારસદારનું નામ/સંબંધ | : | **અલ્તાબશા જીવાશા ફકીર**<br>**સંબંધ: પતિ** |
| (૬) | મૃતકના વારસદારના બેંક ખાતાની વિગત | : | બેંક ઓફ બરોડા<br>ખાતા નં.: ૪૩૮૯૦૧૦૦૦૦૭૭૮૨<br>બ્રાન્ચ નામ: CHANASMA, PATAN<br>ISFC- BARB0CHANAS |

આ હુકમ આ વિભાગની ઈ-ફાઈલ ક્રમાંક **WCDD/AMR/e-file/23/2022/0831/B1** ઉપર સચિવશ્રીની તા.૦૮/૦૧/૨૦૨૩ના રોજ નોંધ પર મળેલ અનુમતિ અન્વયે કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

***e-signed***

(સતિષ પટેલ)

સેક્શન અધિકારી

Signature Not Verified
Signed by:Satish Patel
Date: 2023.01.23
11:23:14 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

માહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન.મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન. મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૩) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૪) નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૫) સેકશન અધિકારીશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું રાહત ફંડ, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (બે નકલ)

**(૬) સ્વ.સલમાબેન હુસેનશા ફકીર**ના આશ્રિત કુટુંબને જાણ અર્થે (પ્રોગ્રામ અધિકારીશ્રી, આઇ.સી.ડી.એસ. શાખા, જિલ્લા પંચાયત પાટણ, પાટણ મારફત)

(૭) સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર વેબસાઇટ પર મુકવા સારુ.

(૮) શાખા સિલેક્ટ ફાઇલ